+ ZOOM

કપરાડાના વાવર ગામમાં પોલ તૂટીને હાઈટેન્શન લાઈન પર પડતાં બે મજૂરના કરંટ લાગતા મોત

ઘટના દરમિયાન અન્ય ૩ મજૂરને ગંભીર ઈજા પહોંચતા ધરમપુરની સ્ટેટ હોસ્પિટલમાં ખસેડાયા

વીજપુરવઠો બંધ કર્યા વગર પોલ ઊભા કરવાની કામગીરી

આ ગમખ્વાર ઘટનાને લઇને અનેક તર્ક-વિતર્કો વહેતા થયાં છે. વીજપોલ ઉભા કરવાની કામગીરી ચાલુ હતી ત્યારે બાજુમાંથી પસાર થતી હાઇટેન્શન વીજલાઇન ચાલુ હતી ? વીજપુરવઠો બંધ કરવામાં આવ્યો હતો ? શટડાઉન લેવાયેલ કે કેમ ? જો શટડાઉન લેવાયેલું તો પછી જોરદાર વીજકરંટ કેવી રીતે લાગ્યો ? ઉપરાંત મજૂરોને સુરક્ષાના સાધનો (સેફ્ટી ગિયર્સ) અપાયા હતાં કે કેમ ? જેવા અનેક પ્રશ્નોની તપાસ થવી જોઇએ તેવી માંગણી ગામના આગેવાનો કરી રહ્યા છે.

। વલસાડ ।

કપરાડા તાલુકાના વાવર ગામે વીજ પુરવઠા વિભાગના કોન્ટ્રાક્ટર દ્વારા વીજપોલ ઉભા કરવાની ચાલી રહેલી કામગીરી દરમિયાન અચાનક વીજપોલ બાજુમાંથી પસાર થતી હાઇટેન્શન લાઇન ઉપર ધરાશાયી થતાં ત્યાં કામગીરી કરી રહેલા ૧૦થી ૧૨ જેટલા મજૂરોને જોરદાર કરંટ લાગ્યો હતો. જે પૈકી બે મજૂરોના મોત નિપજ્યા હતાં. જ્યારે અન્ય ૩ ઈજાગ્રસ્તને ધરમપુરની હોસ્પિટલમાં ખસેડાયા હતા.

વાવર ગામે દ.ગુ.વીજ કં.લી. દ્વારા નવા વીજપોલ ઉભા કરવાની કામગીરી ચાલુ હતી. આ કામગીરી આશરે ૧૦થી ૧૨ જેટલા શ્રમિકો કરી રહ્યા હતાં. આ દરમિયાન એકાએક એક વીજપોલ બાજુમાંથી પસાર થતી જીવંત વીજલાઈન પર પડતા તાર તૂટી પડ્યા હતાં. જેની ચપેટમાં આવવાથી તમામ મજૂરો જોરદાર ઝાટકા સાથે ફંગોળાઇ ગયાં હતાં. જે પૈકી બે શ્રમજીવીઓ સુરેશ કુસનાભાઈ પોવાર (ઉ.વ.૪૫, રહે. રીઠમાળ, વાવર) અને સાગર આંબાદાસભાઈ સરનાયક (ઉ.વ.૩૦, રહે. ઘરટાપાડા, વાવર)ને જોરદાર કરંટ લાગ્યો હતો. તેઓને સુથારપાડા સરકારી હોસ્પિટલના તબીબે મૃત જાહેર કર્યા હતાં. જ્યારે અન્ય મજૂરો સુભાષ મનુભાઈ દોડકા (રહે. નાચનખડક), ભગવાન લક્ષ્મણભાઈ અને હેમેશ ભાવુરામભાઈ સરનાયક પૈકી હેમેશને પ્રાથમિક સારવાર આપ્યા બાદ ધરમપુરની સ્ટેટ હોસ્પિટલમાં ખસેડાયા હતા. અકસ્માતની આ ઘટનાની જાણ થતાં ગ્રામજનોના ટોળેટોળા સ્થળ પર દોડી આવ્યા હતાં. કપરાડા પોલીસે આ ઘટનાની તપાસ શરૂ કરી છે.

કામગીરી વીજ કંપની દ્વારા નહીં, કોન્ટ્રાક્ટર દ્વારા થઇ રહી હોવાની ચર્ચા

અકસ્માતની આ ઘટના અંગે દ.ગુ.વીજ કં.લી.ના સુથારપાડા સબ ડિવીઝન કચેરીના ડે.ઇજનેર એસ.આર. પતેએ જણાવ્યું કે, કામદારો જાતે વીજપોલ ઉભા કરી રહ્યા હતાં. અત્રેની કચેરી તરફથી કોઇ કામગીરી સોંપવામાં આવી નહોતી કે કોઇને કામગીરી માટે મોકલવામાં આવ્યા નહોતા. સમગ્ર ઘટનાની તપાસ ચાલુ છે. મળતી માહિતી મુજબ આ કામગીરી ધરમપુરના દિપેશભાઇ નામના કોન્ટ્રાક્ટર દ્વારા કરવામાં આવી રહી હતી.

વઘઈના બરડા ગામે ૧૫.૪૮ લાખના ગાંજાના છોડ જપ્ત

વાંસદા-ડાંગ : ડાંગ એલસીબી પોલીસ વઘઈ પોલીસે સંયુક્ત કાર્યવાહીમાં વઘઈનાં બરડા ગામે રહેતા ૪૦ વર્ષીય હરિભાઈ રડકેભાઈ રાઠોડના ઘરના વાડામાં દરોડો પાડ્યો હતો. આરોપીએ વાડામાં મકાઈ, ભીંડા, કાકડી તેમજ ખરસાટાના છોડની વચ્ચે ગાંજાનું વાવેતર કર્યું હતું. દરોડા દરમિયાન પોલીસે ૩ ફૂટથી લઈને ૧૩ ફૂટ સુધીની ઊંચાઈ ધરાવતા નાના-મોટા કુલ ૭ જેટલા ગાંજાના છોડ જપ્ત કર્યા છે. આ છોડનું કુલ વજન ૩૦.૯૭ કિલોગ્રામ નોંધાયું છે, જેની અંદાજિત કિંમત રૂ. ૧૫,૪૮,૫૦૦ થવા જાય છે. પોલીસે હરિભાઈ રાઠોડની ધરપકડ કરી છે. હાલમાં વઘઈ પોલીસ સ્ટેશન ખાતે આરોપી વિરુદ્ધ ગુનો નોંધાયો છે.

પોલીસ પહોંચતા ટેમ્પોચાલક ફરાર

ઉદવાડા હાઈવે પરથી ૪.૨૭ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

। વાપી ।

પારડી પોલીસના નાઈટ પેટ્રોલિંગ દરમિયાન ઉદવાડા ગિરિરાજ હોટેલ નજીકથી વિદેશી દારૂ ભરેલો બંધ બોડીનો ટેમ્પો મળી આવ્યો હતો.

પોલીસના જણાવ્યા મુજબ, પારડી પોલીસ સ્ટેશનનો સ્ટાફ નાઈટ પેટ્રોલિંગમાં હતો. ત્યારે દમણીઝાંપા બ્રિજ ખાતે બાતમી મળી હતી કે, એમએચ-૦૪-એલઈ-૬૧૧૭ નંબરનો ક્રીમ કલરનો બંધ બોડી ટેમ્પો દારૂનો જથ્થો ભરી બગવાડા ટોલ પ્લાઝા થઈ સુરત તરફ જવાનો છે. બાતમીના આધારે પોલીસ અને પંચો ઉદવાડા ગિરિરાજ હોટેલ નજીક વોચમાં ગોઠવાયા હતા. દરમિયાન બાતમીવાળો ટેમ્પો આવતા પોલીસે તેને રોકવાનો ઈશારો કર્યો હતો. જોકે, ટેમ્પોચાલક પોલીસને ઓળખી જતા ટેમ્પો રસ્તા પર મૂકીને રોડ ક્રોસ કરી રહેણાક મકાનો તરફ ભાગી ગયો હતો. પોલીસે તેનો પીછો કર્યો હતો, પરંતુ તે હાથ લાગ્યો નહોતો. જે બાદ ટેમ્પોમાં તપાસ કરાતાં પાછળના ભાગે પૂંઠાના બોક્સમાં મુકેલો દારૂનો જથ્થો મળી આવ્યો હતો. જેની કિંમત રૂ. ૪,૨૭,૨૦૦ થાય છે. પોલીસે ટેમ્પો અને દારૂનો જથ્થો મળી કુલ રૂ. ૯,૨૭,૨૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ સાથે જ ફરાર ચાલકને વોન્ટેડ જાહેર કરાયો

સેલવાસ 'નમો મેડિકલ કોલેજ' આદિવાસી સમાજની દીકરીઓ માટે આશીર્વાદરૂપ

ઉચ્ચ શિક્ષણ છેવાડા સુધી : આદિવાસી પરિવારની ૩ સગી બહેનો ડોક્ટર બનશે

એક સમયે સંઘપ્રદેશના વિદ્યાર્થીઓએ અન્ય રાજ્યોમાં મેડિકલનો અભ્યાસ કરવો પડતો હતો

। સેલવાસ ।

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલીના ચીખલી-સુરંગી પંથકમાંથી સામાજિક અને શૈક્ષણિક પરિવર્તનની એક સીમાચિહ્નરૂપ સફળતા સામે આવી છે. અહીં, વસવાટ કરતા આદિવાસી વારલી સમાજના કાકવા પરિવારની ૩ દીકરીઓએ દેશની સૌથી પ્રતિષ્ઠિત NEET UG પરીક્ષામાં ઝળહળતી સફળતા મેળવી છે. સાથે જ વર્ષ ૨૦૨૪, ૨૦૨૫ અને ચાલુ વર્ષ ૨૦૨૬માં ક્રમશ ત્રણેય બહેનોએ મેડિકલમાં પ્રવેશ મેળવ્યો છે.

ચીખલી-સુરંગી વિસ્તારમાં રહેતા આદિવાસી પ્રાથમિક શિક્ષક પિતા ધર્મેશ કાકવા અને ગ્રેજ્યુએટ ગૃહિણી ગીતાબેને રૂઢિચુસ્ત માન્યતાઓને તોડીને દીકરીઓને ઉચ્ચ શિક્ષણ અપાવવાનો દ્રઢ સંકલ્પ કર્યો હતો. શાળામાં અન્ય બાળકોનું ભવિષ્ય ઘડતા પિતા અને પરિવારની સંભાળ રાખતી માતાએ ઘરમાં શિક્ષણનું એવું વાતાવરણ ઊભું કર્યું કે ત્રણેય દીકરીઓએ મેડિકલ ક્ષેત્રે ઝંપલાવ્યું. કાંકવા પરિવારની ત્રણ દીકરીઓએ એક પછી એક મેરિટના આધારે મેડિકલ અભ્યાસક્રમ માટે પ્રવેશ મેળવ્યો છે. વર્ષ ૨૦૨૪માં મોટી દીકરી કરીનાએ પરિવારમાં સૌથી પહેલા NEET પાસ કરી MBBS માં પ્રવેશ મેળવી રસ્તો કંડાર્યો, જે આજે ચોથા વર્ષમાં ક્લિનિકલ ટ્રેનિંગ લઈ રહી છે.

ઉન્નતિ

દીક્ષિતા

કરીના

જ્યારે વર્ષ ૨૦૨૫માં બીજી દીકરી દીક્ષિતાએ અને વર્ષ ૨૦૨૬માં ત્રીજી દીકરી ઉન્નતીએ NEET પાસ કરી MBBSમાં પ્રવેશ મેળવ્યો હતો. એક સમયે સંઘપ્રદેશના મધ્યમ અને આદિવાસી વર્ગના વિદ્યાર્થીઓએ બહારના રાજ્યોમાં જઈ લાખો રૂપિયા ખર્ચીને મેડિકલનો અભ્યાસ કરવો પડતો હતો. પરંતુ સેલવાસમાં નમો મેડિકલ કોલેજ શરૂ થતાં જ છેવાડાના વારલી અને અન્ય આદિવાસી વિદ્યાર્થીઓ માટે ઘરઆંગણે તબીબી શિક્ષણ સુલભ બન્યું છે.

શિક્ષણના સાચા મૂલ્યને હું સારી રીતે જાણું છું : ધર્મેશભાઈ

પિતા ધર્મેશભાઈ કહે છે કે, "હું પોતે શાળામાં બીજાના બાળકોને ભણાવું છું, એટલે શિક્ષણનું સાચું મૂલ્ય હું ખૂબ સારી રીતે જાણું છું. મેં ક્યારેય દીકરા-દીકરી વચ્ચે કોઈ ભેદભાવ રાખ્યો નથી. સમાજમાં લોકો કહેતા હતા કે, દીકરીઓને આટલું બધું ભણાવીને શું ફાયદો, પણ મારો એક જ સંકલ્પ હતો કે, મારી દીકરીઓ પોતાના પગ પર ઊભી રહે. જ્યારે મોટી દીકરીએ ૨૦૨૪માં શરૂઆત કરી, ત્યારે બાકીની બંને બહેનોનો પણ આત્મવિશ્વાસ વધ્યો અને આજે ત્રણેય દીકરીઓ મેડિકલમાં પહોંચી છે.

ટેમ્પો અડફેટે ચઢેલા માસૂમ બાળકનું સારવાર દરમિયાન મોત

ઉમરગામ : ગત તા. ૪ સપ્ટેમ્બરના સાંજના સમયે ચંચલદેવી શાહ, પતિ અને ૨ વર્ષના પુત્ર શિવાંશ સાથે સોળસુંબા ક્રિષ્નાનગર વિસ્તારમાં રોડની સાઈડમાં ઊભા હતા. તે દરમિયાન GJ-૧૫-AX-૩૪૧૨ નંબરની મહેન્દ્રા પીકઅપનો ચાલક વિશાલ વિનોદભાઈ ડાવરિયા (રહે. વંકાસ ડાવરપાડા)એ વાહનને ગફલતભરી રીતે હંકારી લાવી શિવાંશને અડફેટે લીધો હતો. અકસ્માતમાં બાળકના માથા ઉપર ટાયર ચડી જતા ગંભીર ઈજા થઈ હતી. તેથી તેને સૌપ્રથમ ચુરી હોસ્પિટલમાં અને ત્યારબાદ સેલવાસની સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયો હતો. જ્યાં સારવાર દરમિયાન મંગળવારે રાત્રે આશરે ૧૦ વાગ્યે તબીબે બાળકને મૃત જાહેર કર્યો હતો.

કાતર વડે હુમલો થતાં હોસ્પિટલનો કર્મચારી લોહીલુહાણ થઈ ગયો

ધરમપુર હોસ્પિ.માં પડ્યા પાથર્યા રહેતા ઈસમને ટકોર કરવું સેવકને ભારે પડ્યું

। વલસાડ ધરમપુર ।

ધરમપુરની સ્ટેટ હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં દર્દીઓની ભીડ હોય, ફરજ પરના પટાવાળાએ હોસ્પિટલ પરિસરમાં પડ્યા પાથર્યા રહેતા નજીકના વિસ્તારના રહીશને બહાર જવાની ટકોર કરી હતી. જે બાબતથી ઉશ્કેરાયેલ ઈસમે કાતર વડે ટકોર કરનાર પટાવાળા પર અચાનક હુમલો કરી તેને લોહી લુહાણ કરી દીધો હતો.

ધરમપુરના મોટી ઢોલડુંગરી ગામના કસાડ ફળિયામાં રહેતા જયેશભાઈ વલ્લભભાઈ પટેલ ધરમપુર સ્ટેટ હોસ્પિટલમાં કોન્ટ્રાક્ટ બેઝ પર પટાવાળા તરીકે ફરજ બજાવે છે. બુધવારે તેઓ હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં ફરજ બજાવી રહ્યા હતા. વોર્ડમાં દર્દીઓની ભીડ વધી જતા જયેશે હોસ્પિટલમાં પડ્યા પાથર્યા રહેતા અને તે સમયે ઈમરજન્સી વોર્ડમાં હાજર મકસુદ ઉર્ફે પપ્પુ ઉર્ફે ડોન હમીદ શેખ (રહેય વડ ફળિયા, ધરામપુર)ને વોર્ડમાંથી બહાર જવાનું જણાવ્યું હતું. જે બાબતથી ભૂરાંટા બનેલા મકસુદે વોર્ડના ટેબલ પરથી એક કાતર ઉંચકીને જયેશના ગળાના ભાગે હુમલો કરી, તેને લોહી લુહાણ કરી દીધો હતો. હુમલાખોરે ટકોર કરનાર જયેશને અપશબ્દો કહીને તેને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

વોર્ડમાં હાજર અન્ય કર્મચારીઓએ હુમલો કરનાર મકસુદને પકડી તે બાબતની જાણ ધરમપુર પોલીસને કરી હતી. સ્થળ પર પહોંચેલી પોલીસે આરોપીનો કબ્જો મેળવ્યો હતો. જે બાબતે જયેશભાઈએ ધરમપુર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે .

સરીગામમાં દહેજ મામલે પરિણીતાને ત્રાસ

। ઉમરગામ ।

સરીગામમાં રહેતી મૂળ ઉત્તરપ્રદેશની પરિણીતાએ પતિ વિરુદ્ધ દહેજના મુદ્દે શારીરિક તથા માનસિક ત્રાસ આપવા મામલે ફરિયાદ નોંધાવી છે.

સરીગામ ભંડારવાડ મહાલક્ષ્મી એપાર્ટમેન્ટમાં રહેતી નંદનાદેવી કમલેશકુમાર ગુપ્તા (ઉં.વ. ૨૯, મૂળ રહે. ઉત્તરપ્રદેશ)ના લગ્ન તા. ૧૪ ફેબ્રુઆરી, ૨૦૧૩ના રોજ કમલેશકુમાર ઈન્દ્રાશન ગુપ્તા સાથે થયા હતા.

અનાજ પૂરું થવા બાબતે અપશબ્દો કહીને પરિણીતાને માર મરાયો

લગ્નના એક વર્ષ બાદ પતિ દહેજમાં સારો સામાન કે રોકડ રકમ લાવ્યા ન હોવાનું કહી અવાર-નવાર મહેણાં-ટોણાં મારી ઝઘડો કરતા હતા. દંપતીને બે દીકરીઓ હોવાથી પતિ શંકા-વહેમ રાખી નાની-નાની બાબતે બોલાચાલી કરી શારીરિક તથા માનસિક ત્રાસ આપતા હતા. અગાઉ પણ ઝઘડો કરી માર માર્યા બાદ ઘરની બહાર કાઢી મૂક્યાની ઘટના બની હતી. ગત તા. ૩ જુલાઈના રોજ ઘરમાં રાશન પૂરું થઈ ગયાનું જણાવતાં પતિ ઉશ્કેરાઈ ગયા હતા અને પત્નીના માતા-પિતા વિશે અપશબ્દો કહીને નંદનાદેવીને ઢીક-મુક્કીનો માર માર્યો હતો. આ બનાવ બાદ નંદનાદેવીએ પોતાના પિતા સાથે સરીગામ પોલીસ મથકે પહોંચી પતિ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

बैंक ऑफ़ बड़ौदा
Bank of Baroda

બેંક ઓફ બરોડા, રીજનલ ઓફિસ
મહાલક્ષ્મી ટાવર, ૧લો માળ, તિથલ રોડ, વલસાડ.
ફોન : 02632-241454,
ઈ-મેલ : recovery.bulsar@bankofbaroda.co.in

સ્થાવર મિલકતોના વેચાણ માટે વેચાણ નોટીસ

પરિશિષ્ટ-૪-એ (જુઓ નિયમ ૬(૨) અને ૮(૬)ની જોગવાઇઓ)

સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ)નિયમો, ૨૦૦૨ના નિયમ ૬(૨) અને ૮(૬) ની જોગવાઇઓ સાથે વંચાતા સિક્યોરીટાઇઝેશન અને રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એનફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટે ઇ-હરાજી વેચાણ નોટિસ

આથી ખાસ કરીને દેવાદાર(રો) તથા જામીનદાર(રો)તથા જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે નીચે જણાવેલ સ્થાવર મિલકતો સિક્યોર્ડ લેણદારને ગીરો/ચાર્જ કરાયેલ છે, જેનો કબજો બેંક ઓફ બરોડા, સિક્યોર્ડ લેણદારના અધિકૃત અધિકારીએ લઈ લીધો છે, જેનું નીચે દર્શાવેલ એકાઉન્ટ/ટોની વસુલાત માટે **"જ્યાં છે", "જે છે" અને "જેમ છે" "આશ્રય વિના"**ના ધોરણે વેચાણ કરવામાં આવશે. દેવાદાર/રો/ જામીનદાર/રો/ સિક્યોર્ડ મિલકત/તો/બાકી રકમ/ રીઝર્વ કિંમત / ઈ-હરાજીની તારીખ અને સમય, ઇએમડી અને બીડ વૃદ્ધિની રકમ નીચે મુજબ છે.

ક્રમ/ લોટ નં.	શાખા નામ સંપર્ક નં.	દેવાદાર/રો / જામીનદાર/રો ના નામ અને સરનામા	જાણમાં હોય, જો કોઈ હોય તો તેવા બોજા સહિત સ્થાવર મિલકતની ટૂંકી વિગત / કબજાનો પ્રકાર	કુલ બાકી રકમ	૧. રીઝર્વ કિંમત ૨. અર્નેસ્ટ મની ડિપોઝીટ (ઇએમડી) ૩. બીડ વૃદ્ધિની રકમ
1	સિલ્વાસા વાપી મેઈન રોડ ૮૪૫૫૮૨૮૦૯૮	**વિમલેશકુમાર તિવારી** **શ્રીમતી વિનિતા વિમલેશ તિવારી** એચ નંબર ૧ આમલી ઇન્ડસ્ટ્રીયલ કોલોની આમલી સિલવાસ દાદરા અને નગર હવેલી ૩૯૬૨૩૦ **આ પણ :** ફ્લેટ નં. ૩૦૧, ત્રીજો માળ, બિલ્ડીંગ નં. એલ/૧૧, ધનલક્ષ્મી રેસીડેન્સી ફેઝ-૨, તુલસી વીલા રેસીડેન્સીની સામે, અંબિકા પાર્ક રોડ, લવાછા	સ્થાવર મિલકતનો બધો ભાગ રહેણાંક ફ્લેટ નં. ૩૦૧, ૬૫૦.૦૦ ચોરસ ફૂટ એટલે કે ૬૦.૩૮ ચોરસ મીટરનો, ૩૯.૨૫ ચોરસ મીટરનો સુપર બિલ્ટ-અપ વિસ્તાર, ૨૪.૩૧ ચોરસ મીટરની જમીનમાં અવિભાજિત હિસ્સો ધરાવતો અને " ધનલક્ષ્મી રેસિડેન્સી ૨" તરીકે ઓળખાતી ઇમારતના ત્રીજા માળે સ્થિત છે. આ ઇમારત જૂના સર્વે નં. ૯૧/૨૩, નવો સર્વે નં. ૧૧૨૫, ૭૨૫ ચોરસ મીટરની જમીન પર બાંધવામાં આવી છે. આ મિલકત વાપી જિલ્લાના વલસાડ જિલ્લાના લવાછા ગામ ખાતે આવેલી છે. ઉપરોક્ત મિલકત નીચે મુજબ સીમા ધરાવે છે: પૂર્વ તરફ અથવા પૂર્વ તરફ - ઇમારતના માર્ગ દ્વારા પશ્ચિમ તરફ - આંતરિક માર્ગ દ્વારા, ઉત્તર તરફ - ફ્લેટ નં. ૩૦૨ દ્વારા, દક્ષિણ તરફ - ફ્લેટ નં. ૩૦૪ દ્વારા **(સાંકેતિક કબજો)**	રૂ. ૧૧,૧૭,૨૪૬.૯૮/- ૨૦.૦૯.૨૦૨૬ મુજબ	૧. રૂ. ૧૦,૮૦,૦૦૦/- ૨. રૂ. ૧,૦૮,૦૦૦/- ૩. રૂ. ૧૦,૦૦૦/- (પ્રત્યેક ૧૦ મિનિટના અમર્યાદિત વધારા સહિત)
2	સિલ્વાસા વાપી મેઈન રોડ ૮૪૫૫૮૨૮૦૯૮	**નીતેશ કુમાર દુબે** **શ્રીમતી પુનિતા દેવી** એર ૧૦ બરોરા કોમ્પ્લેક્સ આમલી સિલવાસ દાદરા નગર હવેલી દાદરા અને નગર હવેલી ૩૯૬૨૩૦ ફ્લેટ નં. ૪૦૭, ૪ થો માળ, લીલા હાઇટ્સ, બરોડાના કાંઠે, વાપી સિલવાસા મુખ્ય માર્ગ, આમલી, સિલ્વાસા	કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલીના સિલવાસા ગામની બિન-કૃષિ જમીન ધરાવતી સર્વે નં. ૧૧૬/૧/૧/૨ અને ૨૦૬૦ ચોરસ મીટરની બિન-કૃષિ જમીન પર બાંધવામાં આવેલી "લીલા હાઇટ્સ" તરીકે ઓળખાતી ઇમારતના ચોથા માળે ૧૩૬૦ ચોરસ ફૂટ (સુપર બિલ્ટ અપ એરિયા) નો બિન-કૃષિ એન.એ. રહેણાંક ફ્લેટ નં. ૪૦૭ ના તમામ ટુકડાઓ અને પાર્સલ શ્રી નિતેશ કુમાર દુબે અને શ્રીમતી પુનિતા દેવીના નામે છે. **(સાંકેતિક કબજો)**	રૂ. ૨૮,૦૨,૬૦૧.૨૯ ૨૦.૦૯.૨૦૨૬ મુજબ	૧.રૂ. ૨૯,૩૮,૫૦૦/- ૨.રૂ. ૨,૯૩,૮૫૦/- ૩. રૂ. ૧૦,૦૦૦/- (પ્રત્યેક ૧૦ મિનિટના અમર્યાદિત વધારા સહિત)
3	સિલ્વાસા ૭૦૨૦૦૩૬૨૧૭	**આનંદ ચંદ્રશેખર નિમ્બર્ગી** ફ્લેટ નં. ૧૦૪, પહેલો માળ, ઇન્દ્રનિલ એપાર્ટમેન્ટ, ધાપશા ફળિયા, નારોલી, સિલ્વાસા ૩૯૬૨૩૦	રહેણાંક મિલકતમાં બધા હકો, માલિકી હક અને રસ ફ્લેટ નં. ૧૦૪ એરિયા આશરે ૩૦૩ ચોરસ ફૂટ (બિલ્ટ અપ એરિયા), ૪૩૫ ચોરસ ફૂટ (સુપર બિલ્ટ અપ એરિયા) અને ફ્લેટ નં. ૧૦૫ એરિયા આશરે ૨૬૩ ચોરસ ફૂટ (બિલ્ટ અપ એરિયા), ૩૭૫ ચોરસ ફૂટ (સુપર બિલ્ટ અપ એરિયા) ના રૂપમાં કુલ આશરે ૮૧૦ ચોરસ ફૂટ (સુપર બિલ્ટ અપ એરિયા) રહેણાંક મકાનના પહેલા માળે આવેલું છે જે "ઇન્દ્રનીલ એપાર્ટમેન્ટ" તરીકે ઓળખાય છે અને એન.એ જમીન ધરાવતા સર્વે નં. ૬૨૩/૧ એરિયા પર બાંધવામાં આવેલ જે ૦ હેક્ટર ૪૬ એરિયા (૪૬૦૦ ચોરસ ફૂટ) કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલીના નરોલી ગામની રહેણાંક હેતુ અથવા તેની આસપાસના જમીનમાં પ્રમાણસર હિસ્સા સાથે, **શ્રી આનંદ ચંદ્રશેખર નિમ્બરગીના નામે** રહેલો ફ્લેટ અને નીચે મુજબ ચતુઃસીમાઓ ધરાવે છે: **પૂર્વ**- ફ્લેટ નં. ૧૦૨ + ૧૦૩ + પેસેજ; **પશ્ચિમ**- આંતરિક માર્ગ; **ઉત્તર**- આંતરિક માર્ગ; **દક્ષિણ**- ફ્લેટ નં. ૧૦૬; **(સાંકેતિક કબજો)**	રૂ. ૭,૧૩,૫૨૧.૨૬ ૨૦.૦૯.૨૦૨૬ મુજબ	૧.રૂ. ૧૩,૧૨,૨૦૦/- ૨.રૂ. ૧,૩૧,૨૨૦/- ૩. રૂ. ૧૦,૦૦૦/- (પ્રત્યેક ૧૦ મિનિટના અમર્યાદિત વધારા સહિત)
4	સિલ્વાસા વાપી મેઈન રોડ ૮૪૫૫૮૨૮૦૯૮	**મેસર્સ બરકતી એન્ટરપ્રાઇઝિસ,** **શ્રીમતી સુનેહરા ભાડા** દુકાન નં.૦૨, અમી એપાર્ટમેન્ટ, મુક્તા હોસ્પિટલ પાસે, ઝંડા ચોક, સિલવાસા, યુ.ટી. દાદરા અને નગર હવેલી-૩૯૬૨૩૦ **શ્રી અમીન ભાડા,** **શ્રીમતી સુનેહરા ભાડા** ફ્લેટ નંબર ૧, અમી એપાર્ટમેન્ટ, મુક્તા હોસ્પિટલ પાસે, ઝંડા ચોક, સિલવાસા, યુ.ટી. દાદરા અને નગર હવેલી-૩૯૬૨૩૦	તે તમામ મિલકત એટલે કે, દાદરા અને નગર હવેલી ખાતે આવેલ "અમી એપાર્ટમેન્ટ" નામના બિલ્ડિંગના બીજા માળે આવેલ ફ્લેટ નં. ૧૦૨, જેનું સુપર બિલ્ટ-અપ ક્ષેત્રફળ ૮૩૦ ચોરસ ફૂટ (જે ૭૭.૧૦ ચોરસ મીટરની સમકક્ષ છે) છે; તેની ચારે બાજુની હદ આ મુજબ છે: ઉત્તરે - ફ્લેટનો પ્રવેશદ્વાર/સીડી/પેસેજ/ફ્લેટ નં. ૧૦૧; દક્ષિણે - ખુલ્લી જગ્યા; પૂર્વમાં - બિલ્ડિંગનું માર્જિન અને મુક્તા હોસ્પિટલ; પશ્ચિમમાં - ખુલ્લી જગ્યા/રહેણાંક બિલ્ડિંગ. **(સાંકેતિક કબજો)**	રૂ. ૪૧,૩૮,૭૮૧.૫૬ ૨૦.૦૯.૨૦૨૬ મુજબ	૧.રૂ. ૧૩,૫૦,૦૦૦/- ૨.રૂ. ૧,૩૫,૦૦૦/- ૩. રૂ. ૧૦,૦૦૦/- (પ્રત્યેક ૧૦ મિનિટના અમર્યાદિત વધારા સહિત)
5			રહેણાંક ફ્લેટ નંબર ૧ (અગાઉ નંબર ૧૧/એ, ૧૧/બી અને ૧૧/સી તરીકે ઓળખાતો) ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલ, ૮૩૦.૦૦ ચોરસ ફૂટ (૬૨.૭૦ ચોરસ મીટર) જેટલું ક્ષેત્રફળ ધરાવતો અને 'અમી એપાર્ટમેન્ટ' તરીકે ઓળખાતી બિલ્ડિંગનો સુપર બિલ્ટ-અપ વિસ્તાર; જે સિલ્વાસા પંચાયત હાઉસ નંબર ૪૫૨(૧), ૪૫૨(૨) અને ૪૫૩(૩) હેઠળ નોંધાયેલ છે અને સિલ્વાસા (કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી) ખાતે આવેલ એન.એ. (બિન-ખેતીલાયક) જમીન પ્લોટ નંબર ૫૯ (જેમાંથી ૪૦૦.૦૦ ચોરસ મીટર જમીન) પર બાંધવામાં આવેલ છે. તેની ચારે બાજુની વિગતો: ઉત્તરે - રસ્તો, દક્ષિણે - દાદર (સીડી), પૂર્વમાં - બિલ્ડિંગ માર્જિન અને મુક્તા હોસ્પિટલ, પશ્ચિમમાં - રહેણાંક બિલ્ડિંગ. **(સાંકેતિક કબજો)**		૧.રૂ. ૧૦,૬૩,૦૦૦/- ૨.રૂ. ૧,૦૬,૩૦૦/- ૩. રૂ. ૧૦,૦૦૦/- (પ્રત્યેક ૧૦ મિનિટના અમર્યાદિત વધારા સહિત)
6	સિલ્વાસા ૭૦૨૦૦૩૬૨૧૭	**અથર્વ ઇન્ડસ્ટ્રીઝ પ્રાઇવેટ લિમિટેડ** પ્લોટ નં. ૮૩/૮૪, સરકારી ઔદ્યોગિક વિસ્તાર, ખાવેલ રોડ, ખડોલી, સિલવાસા, દાદરા અને નગર હવેલી - ૩૯૬૨૩૦ **શ્રીમતી નિર્મલા કૈલાશ મોદાની (ડિરેક્ટર-જામીનદાર)** **શ્રી અખિલ કૈલાશ મોદાની (ડિરેક્ટર-જામીનદાર)** ફ્લેટ નં. ૭૦૧, ૭મો માળ (મંજૂર પ્લાનમાં છઠ્ઠો માળ દર્શાવેલ છે), બિલ્ડિંગ એ૧ જે "જુનિપર વિંગ એ" તરીકે ઓળખાય છે, પાર્ક સિટી, યોગી હોસ્પિટલ પાસે, કિલવાની નાકા રોડ, ગામ અમલી, સિલવાસા, કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી - ૩૯૬૨૩૦.	તમામ હકો માલિકી અને હિત કારપેટ એરીયાવાળા ફ્લેટ નં. ૭૦૧ જેનું ક્ષેત્રફળ ૧૭૦૦ ચોરસ ફૂટ (બાલ્કનીના વિસ્તાર સહિત) ૭મા માળે (મંજૂર યોજનામાં દર્શાવેલ છઠ્ઠો માળ)"જુનિપર વિંગ એ" તરીકે ઓળખાતી બિલ્ડિંગના એ૧, પાર્ક સીટી, યોગી હોસ્પિટલ નજીક, કિલવાની નાકા રોડ, જમીન સર્વે નં. ૮૮૨/૧/૨/૨ ગામ આમલી, સિલ્વાસા કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી સ્થિત છે અને શ્રીમતી નિર્મલા કૈલાશ મોદાણીના નામે છે અને **નીચે મુજબ સીમા ધરાવે છે:** પૂર્વ: ઓટીએસ, પશ્ચિમ: ફ્લેટ નં. ૭૦૨; ઉત્તર: ફ્લેટ નં. ૭૪ અને પેસેજ; દક્ષિણ: ઓટીએસ **(સાંકેતિક કબજો)**	રૂ. ૨,૬૫,૬૮,૩૪૫.૧૮ ૨૦.૦૯.૨૦૨૬ મુજબ	૧.રૂ. ૫૨,૦૬,૫૦૦/- ૨.રૂ. ૫,૨૦,૬૫૦/- ૩. રૂ. ૧૦,૦૦૦/- (પ્રત્યેક ૧૦ મિનિટના અમર્યાદિત વધારા સહિત)
7			કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલીના ગવર્મેન્ટ ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ખડોલી ખાતે આવેલા સર્વે નંબર ૧૨૬/પી ના ૧૫૦૦ ચોરસ મીટરના પ્લોટ નંબર ૮૩ ના બધા ભાગ અને પાર્સલ પર લીઝ હોલ્ડ રાઇટ્સ અને તેના પર મેસર્સ અથર્વ ઇન્ડસ્ટ્રીઝ પ્રાઇવેટ લિમિટેડના નામે બાંધવામાં આવેલા ગ્રાઉન્ડ અને પહેલા માળ ઉપર ક્ષેત્રફળ ૧૧૨૩.૩૬ ચોરસ ફૂટ **જે નીચે મુજબ સીમાઓ:** પૂર્વ: પ્લોટ નં. ૮૨; પશ્ચિમ: પ્લોટ નં. ૮૪; ઉત્તર: મુખ્ય માર્ગ; દક્ષિણ: પ્લોટ નં. ૭૯ **(સાંકેતિક કબજો)**		૧.રૂ. ૧,૭૬,૩૩,૯૦૦/- ૨.રૂ. ૧૭,૬૩,૩૯૦/- ૩. રૂ. ૫૦,૦૦૦/- (પ્રત્યેક ૧૦ મિનિટના અમર્યાદિત વધારા સહિત)
8			કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલીના ગવર્મેન્ટ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ખડોલી ખાતે આવેલા સર્વે નંબર ૧૨૬/પી ના ૧૪૦૦ ચોરસ મીટરના પ્લોટ નંબર ૮૪ ના બધા ભાગ અને પાર્સલ પર લીઝ હોલ્ડ રાઇટ્સ અને તેના પર મેસર્સ અથર્વ ઇન્ડસ્ટ્રીઝ પ્રાઇવેટ લિમિટેડના નામે બાંધવામાં આવેલા ગ્રાઉન્ડ અને પહેલા માળ ઉપર ક્ષેત્રફળ ૧૧૨૩.૩૬ ચોરસ ફૂટ **જે નીચે મુજબ સીમાઓ:** પૂર્વ: પ્લોટ નંબર ૮૩; પશ્ચિમ: પ્લોટ નંબર ૮૫; ઉત્તર: મુખ્ય માર્ગ; દક્ષિણ: પ્લોટ નંબર ૭૮; **(સાંકેતિક કબજો)**		૧.રૂ. ૨,૦૯,૧૩,૩૦૦/- ૨.રૂ. ૨૦,૯૧,૩૩૦/- ૩. રૂ. ૫૦,૦૦૦/- (પ્રત્યેક ૧૦ મિનિટના અમર્યાદિત વધારા સહિત)
9	સિલ્વાસા ૭૦૨૦૦૩૬૨૧૭	**સવિતા પ્લાસ્ટિક** પ્લોટ નંબર ૧૨ બી નાનજી એન્ટરપ્રાઇસ એસ્ટેટ ખરડપાડા સિલ્વાસા દાદરા અને નગર હવેલી ૩૯૬૨૩૦ **શ્રી ભીખુભાઈ મોહનસિંહ સોલંકી** ૦૧, ત્રિમૂર્તિ ભવન, હાઈસ્કૂલ ફળિયાની સામે, ભીલાડ સિલ્વાસા, નરોલી, જિલ્લા સિલ્વાસા, દાદરા અને નગર હવેલી-૩૯૬૨૩૦.	એનએ જમીનના તે તમામ ભાગ અને પાર્સલ જેનો સર્વે નં. ૬૧૧/૧ ક્ષેત્રફળ ૨૯૦૦.૦૦૦ ચોરસ મીટર દાદરા અને નગર હવેલી કેન્દ્રશાસિત પ્રદેશમાં આવેલા ગામ નારોલી, સીલવાસા, હાઇસ્કુલ ફળીયા, ખાતે શ્રી ભીખુભાઈ મોહનસિંહ સોલંકીના નામે અને **નીચે મુજબ સીમા ધરાવે છે:** પૂર્વ તરફ : સર્વે નં. ૬૧૦/૩; પશ્ચિમ તરફ : સર્વે નં. ૬૧૦/૨; ઉત્તર તરફ : નરોલી-ભિલાડ મુખ્ય માર્ગ તરફ; દક્ષિણ તરફ અથવા તરફ: સર્વે નં. ૬૧૦/૧ અને ૬૧૦/૨; **(સાંકેતિક કબજો)**	રૂ. ૭૬,૭૩,૪૯૭.૯૩ ૨૦.૦૯.૨૦૨૬ મુજબ	૧.રૂ. ૪,૬૪,૦૦,૦૦૦/- ૨.રૂ. ૪૬,૪૦,૦૦૦/- ૩. રૂ. ૫૦,૦૦૦/- (પ્રત્યેક ૧૦ મિનિટના અમર્યાદિત વધારા સહિત)
10			ઔદ્યોગિક હેતુ માટેની પ્લોટ નં. ૧૨ ધરાવતી અને ૧૧૧૨.૪૫ ચોરસ મીટર વિસ્તાર ધરાવતી એનએ (બિન-ખેતી) જમીનનો સંપૂર્ણ હિસ્સો, તથા તેના પર બાંધવામાં આવેલ ૭૨૯.૯૧ ચોરસ મીટર વિસ્તાર ધરાવતો ફેક્ટરી શેડ અને બિલ્ડિંગ; જે દાદરા અને નગર હવેલી કેન્દ્રશાસિત પ્રદેશના સિલ્વાસા ખાતે, અથલ લુહારી રોડ પર આવેલા ખરાદપાડાના 'બી. નાનજી ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટ'માં સર્વે નં. ૨૦૦/૧/૨/૧૨ (સર્વે નં. ૨૦૦/૧/૨ નો પ્લોટ નં. ૧૨) પર સ્થિત છે અને શ્રી ભીખુભાઈ મોહનસિંહ સોલંકીના નામે છે; જેની ચારે બાજુની હદ નીચે મુજબ છે: પૂર્વ દિશામાં: રસ્તો; પશ્ચિમ દિશામાં: સર્વે નં. ૨૦૦/૧/૨/૧૧ ની જમીન; ઉત્તર દિશામાં: રસ્તો; દક્ષિણ દિશામાં: સર્વે નં. ૨૦૦/૧/૨/૧૩ ની જમીન; **(સાંકેતિક કબજો)**		૧.રૂ. ૧,૨૮,૦૫,૦૦૦/- ૨.રૂ. ૧૨,૮૦,૫૦૦/- ૩. રૂ. ૫૦,૦૦૦/- (પ્રત્યેક ૧૦ મિનિટના અમર્યાદિત વધારા સહિત)
11	સિલ્વાસા ૭૦૨૦૦૩૬૨૧૭	**મા પ્લાસ્ટિક** ફ્લેટ નં. ૬, જીરો ટેક્ષ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, આરટીઓ ચેક પોસ્ટ પાસે, સિલ્વાસા ૩૯૬૨૩૦ **શ્રી પુનારામ હિરારામ સોલંકી** બી ૨, બસેરા હાઉસીંગ કોમ્પલેક્ષ, આમલી સિલ્વાસા, દાનહ ૩૯૬૨૩૦	ઔદ્યોગિક ગાલા નં. ૧૦૬ નો તે તમામ ભાગ અને પાર્સલ સાથે બિલ્ટ અપ એરીયાનું ક્ષેત્રફળ ૨૪૫૦ ચોરસ પહેલા માળે "રાજેશ્વર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, પ્રગતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ ની સામે, આમલી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ ની નજીક, હોટેલ પ્રોમિસ પાસે, ૬૬ કેવીએ રોડ" તરીકે ઓળખાતી ઇમારતના પહેલા માળે, સર્વે નં. ૧૨૬પી જમીન ધરાવતી એનએ જમીન પર સ્થિત છે અને ક્ષેત્રફળ ૦ હેક્ટર ૨૯ વિસ્તાર છે, તે દાદરા અને નગર હવેલીના કેન્દ્રશાસિત પ્રદેશ, આમલી સિલવાસા ગામનો છે. જમીનમાં ૧/૫૨મો હિસ્સો અને ઔદ્યોગિક ગાલા નં. ૬ ની દક્ષિણ બાજુએ આવેલી ખુલ્લી જગ્યાનો ઉપયોગ, ઔદ્યોગિક ગાલા નં. ૫ અને ૬ ની પૂર્વ બાજુએ આવેલી ખુલ્લી જગ્યાથી ગેટ નં. ૨ સુધીનો અધિકાર અને શ્રી પૂનારામ હીરારામ સોલંકીના નામે છે અને **નીચે મુજબ સીમા ધરાવે છે:** પૂર્વ: ખુલ્લી જગ્યા; પશ્ચિમ: ગાલા; ઉત્તર: સીડી ; દક્ષિણ: રોડ + પ્રગતિ ઔદ્યોગિક વસાહત; **(સાંકેતિક કબજો)**	રૂ. ૨૦,૪૭,૦૨૧.૭૫ ૨૦.૦૯.૨૦૨૬ મુજબ	૧.રૂ. ૧૩,૩૩,૮૦૦/- ૨.રૂ. ૧,૩૩,૩૮૦/- ૩. રૂ. ૧૦,૦૦૦/- (પ્રત્યેક ૧૦ મિનિટના અમર્યાદિત વધારા સહિત)
12	સિલ્વાસા ૭૦૨૦૦૩૬૨૧૭	**સોલંકી પૂનારામ** બી ૨ બસેરા હાઉસિંગ કોમ્પ્લેક્સ, આમલી સિલ્વાસા, દાનહ ૩૯૬૨૩૦	ઔદ્યોગિક ગાલા નં. ૦૬ નો તે તમામ ભાગ અને પાર્સલ સાથે બિલ્ટ અપ એરીયાનું ક્ષેત્રફળ ૨૪૫૦ ચોરસ પહેલા માળે "રાજેશ્વર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, પ્રગતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ ની સામે, આમલી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ ની નજીક, હોટેલ પ્રોમિસ પાસે, ૬૬ કેવીએ રોડ" તરીકે ઓળખાતી ઇમારતના પહેલા માળે, સર્વે નં. ૧૨૬પી જમીન ધરાવતી એનએ જમીન પર સ્થિત છે અને ક્ષેત્રફળ ૦ હેક્ટર ૨૯ વિસ્તાર છે, તે દાદરા અને નગર હવેલીના કેન્દ્રશાસિત પ્રદેશ, આમલી સિલવાસા ગામનો છે. જમીનમાં ૧/૫૨મો હિસ્સો અને ઔદ્યોગિક ગાલા નં. ૬ ની દક્ષિણ બાજુએ આવેલી ખુલ્લી જગ્યાનો ઉપયોગ, ઔદ્યોગિક ગાલા નં. ૫ અને ૬ ની પૂર્વ બાજુએ આવેલી ખુલ્લી જગ્યાથી ગેટ નં. ૨ સુધીનો અધિકાર અને શ્રી પૂનારામ હીરારામ સોલંકીના નામે છે અને **નીચે મુજબ સીમા ધરાવે છે:** પૂર્વ: ખુલ્લી જગ્યા ; પશ્ચિમ : ગાલા નં. ૧ ; ઉત્તર: સીડી ; દક્ષિણ: રોડ + પ્રગતિ ઔદ્યોગિક વસાહત; **(સાંકેતિક કબજો)**	રૂ. ૧૦,૧૬,૯૮૧.૦૦ ૨૦.૦૯.૨૦૨૬ મુજબ	૧.રૂ. ૧૩,૩૩,૮૦૦/- ૨.રૂ. ૧,૩૩,૩૮૦/- ૩. રૂ. ૧૦,૦૦૦/- (પ્રત્યેક ૧૦ મિનિટના અમર્યાદિત વધારા સહિત)

નોંધ: તમામ મિલકત સાંકેતિક કબજામાં છે.

એ) મિલકત સાંકેતીક કબજામાં છે અને બોલી લગાવનાર તેના/પોતાના જોખમ અને જવાબદારી સાથે સાંકેતીક કબજામાં મિલકત ખરીદે છે.

બી) બેંક સાંકેતીક રીતે જ મિલકતનો કબજો સુપરત કરશે અને હરાજીમાં બોલી લગાવનાર/ખરીદનાર સફળ

સી) પ્રત્યક્ષ કબજો સુપરત કરવા માટે બેંક જવાબદાર કે ફરજ પર બંધાયેલી રહેશે નહીં.

ડી) સફળ હરાજી ખરીદનાર નાણાં પરત કરવાના કોઈ પણ સંજોગોમાં કોઈ પણ વ્યાજનો દાવો કરવા માટે હકદ

ઇ) સફળ હરાજી ખરીદનારે ઇ-હરાજી પછી તરત જ ઉપરોક્ત નિયમો અને શરતોની પુષ્ટિ કરતું જાહેરનામું સા

એફ) વેચાણ પછી જો સફળ બિડર ડિક્લેરેશન સાથે અન્ડરટેકિંગ મોકલવામાં નિષ્ફળ જાય છે, તો બિડ ઇએ

જી) ઈચ્છુક ખરીદદારે બેંક ફોર્મેટ (પ્રતીકાત્મક કબજાના આધારે વેચાણના કિસ્સામાં) મુજબ યોગ્ય સ્ટેમ્ડ અ

(જંગમ/સ્થાવર મિલકતોના વેચાણ પર સરકારી કાયદા પ્રમાણે લાગુ પડતું જીએસટી/ટીડ

• ક્રમ નં. ૧ અને ૩ ની ઈ-હરાજીની તારીખ : ૧
• ઈ-હરાજીનો સમય : બપોરે ૦૨:૦૦ થી સાંજે ૦૬:૦૦ વાગ્યા સુ
અને • ક્રમ નં. ૪ થી ૧૨ની ઈ-હરાજીની તારીખ :
• ઈ-હરાજીનો સમય : બપોરે ૦૨:૦૦ થી સાંજે ૦૬:૦૦ વાગ્યા સુ

વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે https://bankofbaroda.bank.in/e-auction અને https://baanknet.c
અધિકારી **ફોન નં.૦૨૬૩૨-૨૪૧૪૫૪** નો સંપર્ક કરી શકશે.

તારીખ : ૨૪.૦૯.૨૦૨૬
સ્થળ : વલસાડ

નોંધ : વિવાદની સ્થિતિમાં આ નોટીસનો અંગ્રેજી અનુવાદ માન્ય ગ

Learn more
USICON 2026
Meril